**આપણો ડિટેક્ટીવ મિત્ર એક મામલાની શોધમાં મુંબઇથી મેંગલોર જતી એક દરિયાઇ સ્ટીમરમાં ચડે છે. સાથે જ ચડે છે એક નવપરિણીત દંપતી. નવાઇની વાત બને છે કે દંપતીને બે દિવસના દરિયાઇ પ્રવાસ માટે કેબિન નંબર તેર મળે છે! યુવતી ઘડીક તો ડઘાઇ જાય છે, પરંતુ પતિ એને તેર-ફેરના વહેમ ન રાખવા સમજાવી લે છે. પછી એ બચતના પાંચ લાખ સ્ટીમરના પર્સનને સોંપવા નીકળે છે...**

# અડતાળીસ કલાક પહેલાં અજનબી હતાં, અત્યારે વાઈફ અને હસબંડ છીએ!

વારંવાર સમાચાર વાંચીએ છીએઃ સુરતના હીરા બજારમાંથી બે કરોડનો માલ મંગાવનારી દિલ્હીની પાર્ટી ગુમ! અમદાવાદના કાપડના વેપારીના અઢી કરોડ હૈદરાબાદની પાર્ટીએ ઓળવ્યાઃ પાર્ટી અલોપ?

આવો જ એક કિસ્સો આપણા પ્રાઈવેટ ડિટેક્ટીવ અજય વર્મા પાસે આવ્યો. અમદાવાદની મોટી કાપડ માર્કેટની એક પેઢીએ મુંબઈની એક પાર્ટીને એજન્સી આપેલી. ઘરની મોટી રકમ ચડી ગયા પછી એ પાર્ટી ગુમ થઇ ગઇ. ઘણી તપાસ પછી જાણવા મળ્યું કે પાર્ટી મૂળ કર્ણાટકના મેંગલોરની હતી. એટલે અમલવારી પેઢીએ તેનો પત્તો મેળવવા પ્રાઈવેટ ડિટેક્ટીવની મદદ લેવાનું નક્કી કર્યું, કારણ કે આજકાલ આંતરરાજ્ય કાનૂની કામગીરી અઘરી બનતી જાય છે. કામગીરી અજય વર્મા પાસે આવી. અજયે પ્રાથમિક તપાસ કરીને મેંગલોર જવાનું નક્કી કર્યું.

એ મુંબઇ પહોંચ્યો ત્યારે ખબર મળ્યા કે વચ્ચે અતિશય વરસાદથી રસ્તા બંધ છે. ટ્રેઈન પણ માત્ર ગોવા સુધી જાય છે. મેંગલોર જવા માટે શ્રેષ્ઠ રસ્તો દરિયાઈનો છે. મુંબઈવાસીઓ મેંગલોર જવા માટે આ રસ્તો જ લે છે.

અલબત્ત, આ માટેની સ્ટીમર પર ભારે ભીડ રહે છે અને પેસેન્જરોની તબિયતને ય ભારે ભીડ પડે છે! સ્ટીમર એટલી બધી ઉછળે અને હાલકડોલક થાય કે પેટ ખળભળી ઊઠે. ઝાડા, ઉલટી, તાવ, ચક્કર... જો કે આ બધી સાધારણ તકલીફો છે. એમને માટેની દવાઓ પણ સ્ટીમર પર મળી જાય છે અથવા તમને માફક આવતી દવાઓ બાંધી લેવી. અજયે જેના પર ટિકિટ બૂક કરાવેલી તે સ્ટીમર મોટી હતી. ધીમી હતી. મુંબઈ-મેંગલોર અંતર અડતાલીસ કલાકે કાપતી. મુંબઈથી રવિવારે સવારે ઉપડીને મેંગલોર મંગળવારે સવારે પહોંચતી. પછી ચોવીસ કલાક આરામ કરતી. બુધવારે સવારે મેંગલોરથી ઊપડીને શુક્રવારે સવારે મુંબઇ પહોંચતી. પછી અડતાલીસ કલાક આરામ કરતી. એના ખલાસીઓ, કર્મચારીઓ, ઓફિસરો સૌ વારાફરતી મુંબઈમાં જતા. ખરીદી, આનંદપ્રમોદ કરતા. સગાંવહાલા હોય તો એમને મળવા જતા. એવા આનંદપ્રમોદ અને આરામ પછીનાં રવિવાર હતો. અજયે જેની ટિકિટ બૂક કરાવી હતી તે 'મહાલક્ષ્મી' સ્ટીમર સાફસૂથરી થઈને ઊપડવાની તૈયારીમાં હતી. પેસેન્જરોને સ્ટીમર પર ચડવા માટેની ગેન્ગ પ્લેન્ક તરીકે ઓળખાતી સીડી હજુ ગોઠવાયેલી હતી. એ સીડી વાટે જહાજ પર જ્યાં પહોંચાય ત્યાં જહાજનો સેકંડ ઓફિસર મહેશ મહાજન ઊભો હતો. એ પેસેન્જરોની ઉતાવળી દોડધામ જોઇ રહ્યો હતો. કોઇ કશી પૂછપરછ કરે તો જવાબ આપવાની એની તૈયારી હતી. ત્યારે યુવાન વયની બે વ્યક્તિઓ એકની પાછળ એક ચાલતી આ ગેન્ગ પ્લેન્ક તરફ આવી રહી હતી. યુવક પાંત્રીસેકનો લાગતો સુદઢ અને સપ્રમાણ બાંધાનો હતો. અક્કડ ચાલતો હતો. પાછળ ચાલી રહેલી યુવતી સત્તાવીસ-અઠ્ઠાવીસની હતી અને એ ઠીકઠીક ચિંતાગ્રસ્ત જણાતી હતી. એ વારંવાર પેલા યુવકને કશુંક પૂછતી હતી અને પેલો પાછું જોયા વગર જવાબ આપતો હતો. એય વિચારગ્રસ્ત જણાયો. યુવતી કહેતી હતી, હવે બસ, રાઘવ? હવે તો ધીમો પડ? તેં જોયું ને, આપણે મોડાં નથી પડયાં! સ્ટમર ઊપડવાને વાર છે.'

'બરાબર છે, અનુપમા,' રાઘવે ચાલતા જ રહીને જવાબ આપ્યો. 'એ તો મેં તને ઝડપથી દોડાવી એટલે વખતસર પહોંચાયું, નહિંતર આપણે રહી ગયાં હોત.'

'ઓલ રાઇટ! રહી તો નથી ગયાં ને! હવે તો હસવા માંડ! આપણે સાઉથ ઇન્ડિયામાં હનીમૂન માટે જઇ રહ્યાં છીએ, રાઘવ! અને સ્ટીમર પણ પકડાઇ ગઇ છે. હવે તો ચહેરા પરથી ગંભીરતાનું આ મહોરું ઉતાર! મારી સામે જો!'

'ગંભીરતાનું આ મહોરું નથી, અનુપમા. હું ખરેખર હજુય આપણા છેલ્લા ચોવીસ કલાકનું આશ્ચર્ય અનુભવી રહ્યો છું. કેવું અદ્ભૂત! કેટલું વિસ્મયકારી! આપણે અડતાળીસ કલાક અગાઉ એકબીજાને ઓળખતાં પણ નહોતાં, અને અત્યારે વાઈફ અને હસબંડ છીએ!'

'ખરી વાત છે, રાઘવ. આપણે ઘડિયાં લગન લઇ લીધાં કહેવાય. બરાબર ને?'

'અરે, એટલાં ઉતાવળાં કે ધર્મસંસ્થાના ચોપડામાં સહીઓ કરવા સિવાય કશા દસ્તાવેજ-પુરાવા પણ આપણાં લગ્નની સાબિતી માટે નથી! અનુપમા, આ સ્ટીમરની આપણી ટિકિટો પણ આપણે જૂને નામે છે. મારું નામ

## હસબંડ ખોવાયો!



**એ મુંબઇ પહોંચ્યો ત્યારે ખબર મળ્યા કે વચ્ચે અતિશય વરસાદથી રસ્તા બંધ છે. ટ્રેઇન પણ માત્ર ગોવા સુધી જાય છે. મેંગલોર જવા માટે શ્રેષ્ઠ રસ્તો દરિયાઇનો છે. મુંબઇવાસીઓ મેંગલોર જવા માટે આ રસ્તો જ લે છે**

તો અલબત્ત બદલાતું નથી. પરંતુ તારું નામ, તારી અટક અલગ છે અને બે અલગ અટકવાળા સ્ત્રી-પુરુષને સ્ટીમરની એક જ કેબિનમાં પ્રવાસ કરતાં જોઈને બધા પેસેન્જરો ગંદા વિચાર કરવા ન લાગે તો સારું.' 'તે ભલે ને જે વિચાર કરવા હોય તે કરે!' અનુપમાએ મસ્તકને એક અલ્લડ ઉછાળો આપતાં ઉચ્ચાર્યુંઃ 'અને હા, રાઘવ, આપણે ટિકિટ સામે ઊભેલા ઓફિસરને બતાવવાની હશે ને?' 'ના, રે! સ્ટીમર ઉપડ્યા પછી એક ટિકિટ ચેકર નિરાંતે આવશે. જો કોઈ વગર ટિકિટે ચડી ગયું હશે તો એણે ભારે દંડ ભરવો પડશે.' 'બાપ રે... અં...આહ...! રાઘવ! સ્ટીમર ઊપડવાને જરા વાર છે ને? તો થોડી વાર અહીં ઊભાં રહીએ. ઝડપથી ચાલતા હું હાંફી ગઈ છું, થાકી ગઈ છું અને મારામાં પૂરેપૂરી તાકાત જ હજુ ક્યાં આવી છે? મેનિન્જાઈટિસમાંથી હમણાં તો ઊભી થઈ છું.'

આમ કહેતી અનુપમા ગેન્ગ પ્લેન્કની બાજુમાં હાંફતી હાંફતી ઊભી રહી ગઈ. પરંતુ રાઘવને ઊભાં રહેવું ગમ્યું નહીં એ તો અનુપમાની રાહ જોયા વગર સડસડાટ ગેન્ગ પ્લેન્ક ચડી ગયો. એટલે થોડી વાર પછી અનુપમા પણ પ્લેન્ક ચડીને તૂતક પર પહોંચી. એણે જોયું કે રાઘવ તૂતક પર ઊભો રહીને જળજળા કોઈક કર્મચારી સાથે વાત કરે છે. અનુપમા દેખાઈ એટલે એ વળી દોડી આવ્યો અને અનુપમાને ટેકો આપવા લાગ્યો. એણે કહ્યું કે આપણી કેબિન વચલે માળે, એટલે કે ડેક 'બી' પર છે. ત્યાં જવા માટે વળી પેલે દાદરેથી નીચે ઊતરવું પડશે.

એટલે બંને જણાં દાદર ઊતરીને વચલા તૂતક પર ઊતર્યાં. ત્યાં એક પછી એક કેબિન વટાવતાં તેઓ એક કેબિન આગળ ઊભાં રહ્યાં. રાઘવ બારણા આગળ ઊભો રહીને આસપાસ જોવા લાગ્યો. અનુપમા પણ નજરો ફેરવવા લાગી. ત્યારે જ રાઘવે નવાઈભરી બૂમ પાડી, 'અરે! કેબિન બી-થર્ટીન પર મારું નામ છે! તેરનો આંકડો! ઓ પ્રભુ? અનુપમા, તને તેરના આંકડાની બહુ બીક નથી ને?'

'તેરનો આંકડો? ક્યાં છે?'

રાઘવ કેબિનના નંબરની તકતી આડેથી ખસી ગયો અને અનુપમાએ બારણા પાસે લટકતી તકતી જોઈ. એમાં આંકડાં જણાયાઃ બી-થર્ટીન!

'બાપ રે! તારી વાત ખરી છે, રાઘવ. પણ એમ કાંઈ હું વહેમી અને બીકણ નથી. આ આપણી જ કેબિન છે ને?'

'જરૂર'.

'તો ઉઘાડ બારણું અને આપણી હનીમૂન યાત્રાના પહેલા વાહનમાં મારું સ્વાગત કર!' અનુપમા ઉલ્લાસમાં હતી.

રાઘવ કેબિન ઉઘાડી અંદર ડાબી બાજુ હાથ લંબાવીને લાઈટ કરી. કહ્યું, 'લો મેડમ! તમારા સ્વાગતમાં અજવાળું ઝોકાર!'

'હં... ખૂબ સરસ કેબિન છે, રાઘવ.'

'મેં ટિકિટો બૂક કરી ત્યારે આ લોકોને કહેલું કે મારે બેસ્ટમાં બેસ્ટ કેબિન જોઈએ! મારી નવી દુલ્હનને એમાં ઘર જેવું વાતાવરણ મળવું જોઈએ. એટલે જો, ફૂલ શરબત અને પેલા નાના કબાટમાં પુસ્તકો સુધ્ધાં અને આ પથારી તો જો એમાં સૂઈશ ત્યારે લાગશે કે જાણે પાણી પર તરતી હો!' 'રાઘવ! રાઘવ! આઇ એમ સો હેપ્પી! મને થાય છે કે આટલા વરસ હું કુંવારી રહી તે સારું જ થયું. તારા જેવો ફક્કડ હસબન્ડ મળ્યો! અને હું તો સાવ ગાંડી જ છું. 'તું જરાય ગાંડી નથી, અનુ. તને ગાંડી કહેનારની જીભ કાપી નાખું! જરાક મેનીન્જાઈટિક આવી જવાથી થોડું જ કોઈ ગાંડુ થઈ જાય છે. પણ હવે એક કામ કરજે. ડિટેક્ટીવ વાર્તાઓ વાંચવાનું બંધ કરી દેજે. એવું બધું વાંચનારનું મગજ અપરાધમય બની જાય છે,' રાઘવે સલાહ આપી. 'ઓહ! પણ ડિટેક્ટીવ વાર્તાઓ તો કેવી અદ્ભૂત હોય છે! પેલી કલાસિક ડિટેક્ટીવ વાર્તા... કદાચએ તો તેં જ ગઇ કાલે સાંજે મને કહી હતી... પેરિસમાં વિશ્વમેળો ભરાયો હતો... મા અને દીકરી મેળો માણવા લંડનથી આવે છે. એક હોટેલમાં ઉતારો કરે છે. માતા તાવની ફરિયાદ કરે છે અને દીકરી એને માટે ડૉક્ટર શોધવા દોડે છે. એ ડૉક્ટરને લઈને પાછી આવે છે ત્યારે હોટેલમાં માતા નથી! હોટેલવાળા એવા કોઈ મહેમાનને જોયાં સુધ્ધાંનો ઈન્કાર કરે છે. દીકરીને ઓળખવાની ય ના પાડે છે. હોટેલના ચોપડામાં એમના આગમનની નોંધ નથી. સામાન નથી. અન્ય મહેમાનો એવી કોઈ સ્ત્રીને જોયાનો ઈન્કાર કરે છે. અરે, જે સ્ટીમર વાટે મા-દીકરી આવેલા એ સ્ટીમરવાળા પણ એકલી આ દીકરીને જોવાનું કહે છે... આખરે છોકરી લંડન પાછી જાય છે અને મહિનાઓ પછી માનાં કપડાં-ઘરેણાં એને આપવામાં આવે છે. કહેવામાં આવે છે કે માતાને પ્લેગ થયો હતો એટલે સત્તાવાળા એને ઉપાડીને હોસ્પિટલે લઈ ગયેલાં. ત્યાં એ અવસાન પામી એટલે અંતિમ ક્રિયા પતાવી દેવામાં આવી.

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

પરંતુ જો એ પ્લેગથી અવસાન પામેલી જાહેર થાય તો તો વિશ્વ મેળો માણવા આવેલા લાખો લોકોમાં ગભરાટ ફેલાઈ જાય. દોડાદોડી થઈ જાય... એટલી તો સરસ હતી એ ડિટેક્ટીવ વાર્તા!'

'પણ બધી ડિટેક્ટીવ વાર્તાઓ એવી સરસ નથી હોતી. ડાર્લિંગ. માટે તું આ કબાટમાંથી એકાદ જોક બૂક લઈને વાંચ. એટલી વારમાં હું સ્ટીમરના પર્સન પાસે જેને તારી જિંદગીભરની લગ્નના પાંચ લાખ રૂપિયા એને સોંપી દઉં, એટલે સલામતી.'

'એટલે સ્ટીમરમાં પણ ચોરીની બીક રહે છે, એમ? કોઈ કે એની ડિટેક્ટીવ વાર્તા પણ લખવી જોઈએ.' 'જો પાછી! વળી તુ ડિટેક્ટીવ વાર્તાની વાત કરવા લાગી? જરા જીવનની હળવી બાજુ જોતાં શીખ, એટલે મન પ્રફુલ્લિત રહે, સમજી? છતાં કંટાળો આવે તો તૂતક પર ફરવા નીકળજે હું નાણાં જમા કરાવીને અબઘડી આવ્યો સમજ!'

**(વાચક મિત્રો, તમને શું આ કોઇ પ્રેમકથા લાગે છે? ના, જી, આ તો અનુપમાની ઇચ્છાના પડઘારૂપ એક રહસ્યકથા જ છે. પણ સાવ સાવ અનોખી રહસ્યકથા... આગળની વાત આવતે અઠવાડિયે. હમણાં જુઓ ગત રહસ્યકથાનો ઉકેલ.)**

## રહસ્યકથા 'મીઠું મધુરું મોત'નો ઉકેલ

'શી વાત કરે છે, અજય!' દિનકરનું આશ્ચર્ય પેલો ફોટોગ્રાફ જોઇને ઓર વધી ગયું. 'શું આ... ખૂની? આ ગૌરવ બદામી પોતે?' 'જી, હા, એ જાતે પોતે!' અજય મેજ સામેની ખુરશી પર જરાક નિરાંતથી બેઠક લેતાં કહ્યું. 'ગૌરવ બદામી ઉડાઉ માણસ હતો. જિજ્ઞાના પિતાની મહામહેનતે મેળવેલી મિલકત એ અવળા ધંધામાં વેડફી રહ્યો હતો. જિજ્ઞાએ તેનો વિરોધ કર્યો હશે, એટલે એનો કાંટો કાઢી નાખવા કાવતરું કર્યું. પોતે જ ચોકલેટ ખરીદીને એમાં ઝેર દાખલ કર્યું. મોડર્ન પ્રેસમાંથી મોતીઆણી એન્ડ કંપનીનો જૂનો લેટરહેડ લાલચ આપીને મેળવ્યો. બપોરે થિયેટરમાંથી નીકળીને રિક્ષા વાટે આંગડિયા કૂરિયરને ત્યાં જઇને પાર્સલ રવાના કર્યું. પાર્સલ મોકલનાર કૂરિયરે એ જિમખાના પર મોકલવાનો સમય કદાચ નોંધ્યો હોય, તો એ વેળા તો પોતે થિયેટરમાં હતો એવું બતાવવા રીતસર સિનેમાની બપોરના શોની ટિકિટ ખરીદી. વળી, એ વર્ષના અનુભવે જાણતો હતો કે વિમલને મીઠાઇ પસંદ નથી. જિજ્ઞા સાથેની શરતને બહાને એણે ચોકોલેટસ મેળવી લીધી. પછી શું થયું એ તો સૌ જાણીએ છીએ. શક નિવારવા માટે ખુદ એણેય એકબે ઝેરી ચોકોલેટ ખાઇ લીધી!' 'પણ તને મૂળે ગૌરવ પર શક ક્યારે પડ્યો?' 'મને જ્યારે પ્રભાવતી દેવીએ કહ્યું કે જિજ્ઞાએ પેલું પિક્ચર અગાઉ જોયું જ હતું અને એ બહું સાચું બોલી હતી. કહી દેત કે ફિલ્મમાં ખૂની કોણ છે એ જિજ્ઞા કહી જ દેત. શરત ન મારત. વળી પ્રભાવતીજીએ કહ્યું કે ગૌરવ જિજ્ઞાના પિતાની મિલકત વેડફે છે. જે એને જરાય ગમતું નથી.'